ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૨૪
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. /૦૭/૨૦૨૦
તા. ૦૪/૦૮/૨૦૨૦

## // પરિપત્ર //

**વિષયઃ-** હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની નીતિ બાબત.

**સંદર્ભઃ-**
(૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૨૧, તા.૧૬/૦૨/૨૦૧૬.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૯૬, તા.૧૦/૦૭/૨૦૧૭.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૦૨, તા.૦૧/૦૧/૨૦૧૯.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/003, તા.૧૯/03/૨૦૨૦.
(૫) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/વ.ક./પ્રિ-વિતરણ/૭,તા.૧૯/૦૬/૨૦૨૦.

નિગમની જુદી-જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારો તરફથી હયાત એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની (કોમન વોલ) માંગણી કરવામાં આવતી હોય છે. સદર બાબત અન્વયે હાલમાં સંદર્ભદર્શિત પરિપત્રોથી નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. નિગમની હયાત લગત પ્લોટ/શેડની ફાળવણી અંગેના જારી કરેલ પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/ ૨૧, તા.૧૬/૦૨/૨૦૧૬ માં યોગ્યતા અને શરતોના મુદ્દા નં. ૨ પ્રમાણે નીચે મુજબની યોગ્યતાને લક્ષમાં લેવામાં આવે છે.

**"(૨) નિગમની લગત પ્લોટ/શેડની ફાળવણી નીતિ અંતર્ગત કોઇ પણ ફાળવણીદારને આ પરિપત્રની તારીખથી ફક્ત એક જ વખત ઔદ્યોગિક પ્લોટ/શેડ લગત તરીકે ફાળવણી કરી શકાશે. જો કોઇ ફાળવણીદારને આ પરિપત્રની તારીખ પહેલા નિગમની લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણી નીતિ અંતર્ગત લગત તરીકે અગાઉ એક અથવા વધુ ઔદ્યોગિક પ્લોટ/શેડ ફાળવવામાં આવેલ હોય, તો તેઓ વધુ એક વખત આ નીતિ અંતર્ગત લગત તરીકે ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી કરી શકશે."**

લગત પ્લોટની ફાળવણી બાબતની નીતિની પુનઃ સમીક્ષાની બાબત નિગમની ૫૦૭ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ ૫/પ્રિ-વિતરણ/૫૦૭ થી રજૂ કરવામાં આવેલ અન્વયે નિયામક મંડળની સભા ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૩૬/પ્રિ-વિતરણ/૫૦૭ થી સદર નીતિમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

" **નિગમની ઔદ્યોગિક વસાહતોમાં હયાત એકમના વિસ્તરણ માટે લગત આવેલ (કોમન વોલ) પ્લોટ/શેડની ફાળવણીની પ્રવર્તમાન ઉકત સંદર્ભદર્શિત પરિપત્રિત નીતિ અંતર્ગત કોઇપણ ફાળવણીદારને મહત્તમ ૦૨ (બે) વખત ઔદ્યોગિક પ્લોટ/શેડ લગત તરીકે ફાળવણી કરી શકાશે**".

પ્લોટ/શેડની ફાળવણીની પ્રવર્તમાન નીતિમાં અંશતઃ સુધારા સિવાયની તમામ બાબતો યથાવત્ રહેશે.

ઉપરોકત બાબત અંગેની તમામ સત્તા માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

મેનેજર (મહેકમ)
જીઆઇડીસી, ગાંધીનગર.